## જૈન સોસાયટી ઑફ મેટ્રોપોલીટન શિકાગો

# ૨૨મીએ શત્રુંજય પટનો લાભ
# ૨૩મીએ સિધ્ધચક્ર મહાપૂજન

(પ્રતિનિધિ સુરેશ શાહ દ્વારા) બાર્ટલેટ (શિકાગો), તા. ૧૧

જૈન સોસાયટી ઓફ મેટ્રોપોલીટન શિકાગોના સંચાલકો દ્વારા એપ્રીલ માસ દરમ્યાન વિવિધ પ્રકારના ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં આયંબેલની ઓળીના તપની આરાધના, ૧૭મી વક્તૃત્વ સ્પર્ધા, સિદ્ધચક્ર મહાપૂજન અને જૈન સંઘના નવયુવાનો તેમજ યુવતીઓ અને નાની વયના કિશોરો તેમજ કિશોરીઓ દ્વારા યોજાનાર સાંસ્કૃતિક કાર્યક્રમનો સમાવેશ થાય છે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સંઘના મોટા ભાગના ભાઈ બહેનો તડામાર તૈયારીઓ કરી રહ્યા છે.

## ભગવાન મહાવીર સ્વામીનો જન્મ મહોત્સવ ઉજવવા શિકાગો જૈન સંઘમાં તડામાર તૈયારી

આ અંગેની વિગતોમાં જાણવા મળે છે તેમ એપ્રીલ માસની ૧૪મી તારીખથી ૨૨મી તારીખ દરમ્યાન ચૈત્ર માસ દરમ્યાન આવતી આયંબીલ ઓળીના તપની આરાધના થશે. આ તપની આરાધના કરાવવા માટે



રૂપાબેન શાહ ખાસ મુંબઈથી શિકાગો પધાર્યા છે અને નવ દિવસ માટે ચાલનારા આ તપની આરાધના દરમ્યાન તેઓ વિવિધ ધાર્મિક પ્રસંગોને આવરી લેતા વિષયો અંગે યોગ્ય પ્રવચનો કરશે. જેનો સમય સવારે ૧૦ થી ૧૧ અને રાત્રે ૮ થી ૯.૩૦ સુધીનો રાખવામાં આવેલ છે. તો રસ ધરાવનારાઓને તેનો લાભ લેવા સંચાલકો તરફથી વિનંતી કરવામાં આવેલ છે.

આ અંગે વધારામાં જાણવા મળે છે તેમ એપ્રીલ માસની ૨૨મી તારીખથી ૨૪મી એપ્રીલ દરમ્યાન ૨૪માં તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીના જન્મ કલ્યાણક મહોત્સવની શરૂઆત થશે. તેમાં પહેલા દિવસે ૨૨મી એપ્રિલના રોજ રૂપાબેન શાહ પ્રવચન કરશે. ત્યારબાદ જૈન સંઘ શિકાગોને શત્રુંજય પટની સમર્પણ વિધી કરવામાં આવશે અને ત્યાર બાદ તમામ આરાધકો આ પટના દર્શનનો લાભ લેશે. રાત્રે ૮ થી ૧૦ વાગ્યા દરમ્યાન ડૉ. વસંત વિજયજી મહારાજ સાહેબ પ્રવચન કરશે અને રાત્રે જૈન દેરાસરમાં સામુહિક આરતીનો પ્રોગ્રામ રાખવામાં આવેલ છે.

જન્મ મહોત્સવના બીજા દિવસે સવારે પ્રવચનો તથા બપોરે ૧૨.૩૯ થી સાંજે ૫.૩૦ દરમ્યાન સિદ્ધચક્ર મહાપૂજન ભણાવવામાં આવશે. ત્યાર બાદ સ્વામી વાત્સલ્ય અને મુખ્ય મહેમાનના વરદ્દહસ્તે દિપ પ્રાગટ્ય વિધિ કરવામાં આવશે અને ત્યાર પછી સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

મહોત્સવના ત્રીજા દિવસે સવારે ૯ થી ૧૨ દિગમ્બર પૂજા અને ત્યાર બાદ સ્વામી વાત્સલ્ય તેમજ બપોરે ૧ થી ૫.૩૦ દરમ્યાન ૧૭મી વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. અને તેમાં વય પ્રમાણેના ચાર વિભાગો હશે. આ હરિફાઈમાં વિજેતાઓને ઈનામો આપવામાં આવશે. ચૈત્રી પૂનમના પટ દર્શનનો લાભ એપ્રીલ ૨૨ અને ૨૩ એમ બે દિવસો દરમ્યાન મળશે.

ભગવાન મહાવીર સ્વામીનો જન્મ મહોત્સવ સાનદાર રીતે ઉજવી શકાય તે અંગે જૈન સંઘમાં તડામાર તૈયારીઓ ચાલી રહેલ છે એ સૌના માટે આનદની બીના છે.


ગુજરાત
ઓનલાઈન
આપના પ્રિય ગુજ
સબસ્ક્રીપ્શન અ
અ
ઝડપથી મેળવો તમારું
www.gujaratsamachar.net



ગુજરાત
પ્રિય ગ્રાહકો,
તમને ગુજરાત સમાચાર અનિ
મળતું નથી તો તમે તમારી સ્થ
કરી આ અંગે “Publica
Complaint નોંધાવશો. તો
કારણ કે છાપુ અનિયમિત કે નહ
જવાબદાર નથી. ગુજરાત